# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી

## શિક્ષણ શાખા, જિલ્લા પંચાયત જામનગર

ફોન નંબરઃ–૦૨૮૮ ૨૬૭૬૫૦૨ Email Id:- dpeojamnagar@gmail.com


નં.શિક્ષણ/સેવા–૮/વર્ક/ ૯ થી ૧૦૭ /૨૦૨૨ તા. ૦૫ /૦૧/૨૦૨૨

**વિષય :–** **પ્રાથમિક શાળાઓમાં વર્ષ–૨૦૨૨ ની જાહેર રજાઓ બાબત**

સંદર્ભ :–૧. સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ગસ –૩૦–૨૦૨૧–જસર–૧૦૨૦૨૧–૪૩૧–ઘ તા.૨૪/૧૧/૨૦૨૧

**પરિપત્ર :**

ઉક્ત વંચાણ–૧ થી વર્ષ–૨૦૨૨ ની જાહેર રજાઓ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત જિલ્લા શિક્ષણ સમિતિ જામનગર હસ્તકની સરકારી શાળાઓ અને માન્ય ખાનગી શાળાઓમાં નીચે મુજબની જાહેર રજાઓ, મરજીયાત રજાઓ,સ્થાનિક રજાઓ આગામી શિક્ષણ સમિતિ, જામનગરની બહાલીની અપેક્ષાએ જાહેર કરવામાં આવે છે. જેનો દરેક શાળાએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ રજાઓ સિવાય અન્ય કોઈપણ પ્રકારની રજાઓ શાળામાં રાખી શકાશે નહી.

### વર્ષ ૨૦૨૨ ની પ્રાથમિક શાળાઓની જાહેર રજાઓની યાદી

| | માસ | જાહેર રજાનું નામ | તારીખ | વાર |
|---|---|---|---|---|
| 1 | જાન્યુઆરી | મકરસંક્રાંતિ | 14-01-2022 | શુક્રવાર |
| 2 | જાન્યુઆરી | પ્રજાસતાક દિન | 26-01-2022 | બુધવાર |
| 3 | **ફેબ્રુઆરી** | **વિશ્વકર્મા જયંતી** | 14-02-2022 | સોમવાર |
| 4 | માર્ચ | મહાશિવરાત્રી | 01-03-2022 | મંગળવાર |
| 5 | **માર્ચ** | **હોળી** | 17-03-2022 | ગુરૂવાર |
| 6 | માર્ચ | ધુળેટી (હોળીનો બીજો દિવસ) | 18-03-2022 | શુક્રવાર |
| 7 | એપ્રિલ | ચેટીચાંદ | 02-04-2022 | શનિવાર |
| 8 | એપ્રિલ | ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મદિન | 14-04-2022 | બુધવાર |
| | | મહાવીર જન્મ કલ્યાણક | 14-04-2022 | બુધવાર |
| 9 | એપ્રિલ | ગુડ ફ્રાઈડે | 15-04-2022 | ગુરૂવાર |
| 10 | **એપ્રિલ** | **હનુમાન જયંતિ** | 16-04-2022 | શુક્રવાર |
| 11 | મે | પરશુરામ જયંતી | 03-05-2022 | મંગળવાર |
| | | રમજાન ઈદ | 03-05-2022 | મંગળવાર |
| 12 | **જુલાઈ** | **રથયાત્રા–અષાઢી બીજ** | 01-07-2022 | શુક્રવાર |
| 13 | ઓગષ્ટ | મહોરમ (આશુરા) | 09-08-2022 | મંગળવાર |
| 14 | ઓગષ્ટ | રક્ષાબંધન | 11-08-2022 | ગુરૂવાર |
| 15 | ઓગષ્ટ | સ્વાતંત્ર્ય દિન | 15-08-2022 | સોમવાર |
| 16 | ઓગષ્ટ | પારસી નૂતન વર્ષ દિન (પતેતી) | 16-08-2022 | મંગળવાર |
| 17 | ઓગષ્ટ | જન્માષ્ટમી | 19-08-2022 | શુક્રવાર |
| 18 | **ઓગષ્ટ** | **નંદ ઉત્સવ** | 20-08-2022 | શનિવાર |
| 19 | ઓગષ્ટ | સંવત્સરી | 31-08-2022 | બુધવાર |
| 20 | **ઓકટોમ્બર** | **કિપ્પુર આરંભ પુર્વ દિવસ/ મહાનોમ** | 04-10-2022 | મંગળવાર |
| 21 | ઓકટોમ્બર | દશેરા | 05-10-2022 | બુધવાર |
| **22** | **ડીસેમ્બર** | **શ્રીમદ ભગવદ ગીતા જયંતી** | 03-12-2022 | શનિવાર |

111D:\SEVA 5 & 8 EDUCATION\seva - 8\seva-8 new 2020.docx

Scanned with CamScanner

**-: સુચના :-**

- ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો, તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લિમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.
- શ્રાવણ માસના સોમવારે શાળાનો સમય શનિવારના શાળાના સમય મુજબ રાખવાનો રહેશે.
- દર માસની આખર તારીખે આખો દિવસ શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ કરવાનું રહેશે.
- તાલુકા કક્ષાએ ૨ (બે) સ્થાનિક રજા નિયત કરી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ મંજુર કરી અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે.
- ગુજરાત સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રી તરફથી કોઈ પ્રસંગે રજા જાહેર કરવામાં આવે તેની જાણ વર્તમાન પત્રો અગર અન્ય સમાચાર દ્વારા કરવામાં આવી હોય તેવા પ્રસંગોએ શાળામાં રજા પાળવાની રહેશે.
- દરેક શિક્ષક પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક બાધ વિના તહેવારોના પ્રસંગોએ ચાલુ વર્ષ દરમ્યાન ૨(બે) મરજીયાત રજાઓ સરકારશ્રીના સંદર્ભવાળા જાહેરનામા (ભાગ-૨) મુજબ જાહેર કરેલ મરજીયાત રજાઓની યાદી પૈકી વખતોવખત જણાવેલ નિયમ અને સુચનાને આધીન ભોગવી શકશે. જે તે શિક્ષકે મરજીયાત રજા અગાઉથી મંજુરી કરાવી લેવાની રહેશે.
- રાષ્ટ્રીય તહેવાર જેવાકે પ્રજાસત્તાક દિન, સ્વાતંત્ર્ય દિન, શ્રી મહાત્મા ગાંધીનો જન્મદિન વગેરે રાષ્ટ્રીય પર્વની શાળા કક્ષાએ ઉજવણી કરવી અને તાલુકા કક્ષાએ અહેવાલ મોકવો.
- ઉનાળુ વેકેશન તથા દિવાળી વેકેશન અંગેની જાણ સરકારશ્રીમાંથી નિયત થયે હવે પછી જાણ કરવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ,જામનગર

**નકલ સાદર રવાના :-**

૧. માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
૨. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર
૩. માન. પ્રમુખશ્રી, જિ.પં. જામનગર
૪. માન. અધ્યક્ષશ્રી / સભ્યશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ – જામનગર
૫. નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના – જામનગર
૬. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – દરેડ તા.જામનગર.
૭. આચાર્યશ્રી, અધ્યાપન મંદિર તમામ, જિ.જામનગર.

**નકલ જાણ તથા અમલ અર્થે :-**

૧. તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ – જિ. જામનગર
૨. મામલતદારશ્રી – તમામ, જિ. જામનગર
૩. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, જિ. જામનગર
૪. બી.આર.સી. / સી.આર.સી. તમામ, જિ. જામનગર
૫. આચાર્યશ્રી, તાલુકા / પ્રાથમિક / કન્યા શાળા તમામ જિ. જામનગર
૬. આચાર્યશ્રી / મેનેજીંગ ટ્રસ્ટી, માન્ય ખાનગી શાળા, તમામ જિ. જામનગર



Scanned with CamScanner